


## પ્રાંતિજ તથા તાલુકામાં વિધાનસભાની ચૂંટણીને પગલે ફલેગ માર્ચ યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા ગ્રામ્ય વિસ્તારોમાં વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને પ્રાંતિજ તથા તાલુકામાં ફલેગ માર્ચ યોજાઈ હતી. સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં આવનારી વિધાનસભાની ચુટણીને ધ્યાને લઈને તંત્ર દ્વારા પ્રાંતિજ તથા તાલુકાઓ સંવેદનશીલ વિસ્તારોમાં સ્થાનિક પોલીસ તથા જવાનો દ્વારા ફલેગ માર્ચ યોજાઈ હતી અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનથી નિકળી પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાંથી ગ્રામ્ય વિસ્તારોમાં ફલેગ માર્ચ કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજમાં ભાજપમાં ભડકો સીનિયર નેતાની અવગણના થતાં ભડકો

### યુવાનને ટીકીટ મળતા સિનિયર ભડક્યા : પક્ષના કામોથી અળગા રહેશે

સાબરકાઠા ભાજપમા ભડકો, પ્રાતિજ વિધાનસભાના નવા ચહેરાને જાહેર કરતા સીનિયર નેતા નેતાઓમા ભારે રોષ જોવા મળ્યો હતો. સાબરકાઠા જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને જીલ્લા સંગઠનના ટેકેદારો તેમણા નિવાસસ્થાને ઉમટી પડયા હતા. જયેન્દ્રસીહે પણ ભાજપથી નારજગીને લઈ પક્ષ



નારાજ પક્ષના કામથી અળગા રહેશે.

સાબરકાઠાના પ્રાતિજ વિધાનસભામા ભાજપના ઉમેદવાર તરીકે ગજેન્દ્રસિહ પરમારની પસંદગી થતા જ ભાજપમા ભડકો થયો છે, ભાજપમા નવા ચહેરાની પસંદગી થતા ભાજપના સીનીયર વરીષ્ઠ આગેવાન જયેન્દ્રસિહ રાઠોડે પણ પ્રાતિજ વિધાનસભા માટે પોતાની દાવેદારી નોધાવી હતી, પરંતુ પક્ષે નવયુવાનને તક આપતા નારાજગી વ્યક્ત કરી હતી. ૩૦ વર્ષ સુધી પક્ષમા કામ કરવા છતા પક્ષે અવગણના કરતા મોટી સંખ્યામા નાકામથી અળગા રહેશે, આગામી દિવસોમા ટેકેદારોને મળીને આગળની રણનીતી વીશે ચર્ચા કર્યા બાદ જ નિર્ણય લેશે, પરંતુ ચોકક્સ આવતા દિવસોમા ભાજપમા ભડકો થતા વિધાનસભાની ચૂંટણીમા તેની સીધી અસર જોવા મળશે.

# મોડાસા સહયોગ બાયપાસ રોડ પર ઘટનાસ્થળે જ મોત

### બાયપાસ રોડ પર આવેલી સહયોગ ચોકડી અને મેઘરજ રોડ ચોકડી પર સર્કલ બનાવની માંગ અદ્ધરતાલ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાંથી પસાર થતા ભારવાહક વાહનચાલકો માટે ટ્રાફિકમાં નડતરરૂપ ના થાય અને અકસ્માત નિવારણ માટે શહેરની બહાર બાયપાસ રોડ બનાવ્યો છે, પરંતુ બાયપાસ રોડ પર શહેરમાં પ્રવેશતા બે મુખ્ય માર્ગ માલપુર રોડ અને મેઘરજ રોડ પસાર થતો હોવાથી વારંવાર અકસ્માતની ઘટનાઓ સર્જાવાની સાથે કેટલાય નિર્દોષ વાહનચાલકો જીવ ઘુમાવવો પડ્યો છે. મોડાસાના નગરજનો દ્વારા વારંવાર જવાબદારતંત્ર આગળ સર્કલ બનાવવાની માંગ સાથે અનેકવાર રોડ પર ચક્કાજામ કરવામાં આવવા છતાં સર્કલ બનાવવામાં જવાબદાર તંત્રની આડોડાઈના પગલે રવિવારે સાંજના



૭ વાગ્યાના સુમારે સર્વોદયનગર વિસ્તાર પાસે એકટીવને ઓવરટેઈક કરવાની ઉતાવળમાં અડફેટે લેતા એકટીવા સહીત ચાલાક ટ્રક-કન્ટેનરના ટાયર નીચે આવી જતા કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને ઘટનાસ્થળે જ એકટીવા ચાલકનું મોત નિપજતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. ટ્રક-કન્ટેનર ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો.

મોડાસા સહયોગ ચોકડી પાસે રવિવારે રાત્રે માલપુર રોડ પર આવેલા પંડ્યાવાસમાં રહેતો વિશાલ કટારા (ઉં.વર્ષ ૨૧) રવિવારે સાંજના ૭ વાગ્યાના સુમારે એકટીવા-મોપેડ લઈ સહયોગ ચોકડીથી મેઘરજ રોડ જવા બાયપાસ રોડ પર આવેલા સર્વોદયનગર વિસ્તાર પાસેથી પસાર થતો હતો ત્યારે માલપુર તરફથી યમદૂત બની ત્રાટકેલા ટ્રક-કન્ટેનર (ગાડી.નં-આર.જે.૨૭.જીએ-૦૭૪૦)ના ચાલકે એકટીવાને ઓવરટેઈક કરવાની લાહ્યમાં ટ્રક-કન્ટેનર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી એકટીવાને ટક્કર મારતા એકટીવા સહીત ચાલક રોડ પર પટકાતા ટ્રક-કન્ટેનરના વચલા ટાયર ફરી વળાતા એકટીવાનો કચ્ચરઘાણ નીકળવાની સાથે ચાલકના માથા પર ફરી વળાતા ચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માત સર્જી ટ્રક-કન્ટેનર ચાલક ફરાર થઈ ગયો હતો અકસ્માતની જાણ થતા મોડાસા ટાઉન પોલીસે ઘટનાસ્થળે પહોંચી લાશનો કબ્જો મેળવી પી.એમ માટે ખસેડી ગણપતભાઈ રતિલાલ વાઘેલાની ફરિયાદના આધારે ટ્રક-કન્ટેનર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોડાસાના લીંભોઈ પાટિયા નજીક પીક-અપ ડાલુ અને ડમ્ફર વચ્ચે ગમખ્વાર અકસ્માત

મોડાસા, તા. ૨૦

મોડાસા-હિંમતનગર રાજયધોરી માર્ગ પર આવેલા લીંભોઈ પાટિયા નજીક સોમવારે



વહેલી સવારે પીક-અપ ડાલુ અને ડમ્ફર વચ્ચે ટક્કર થતા બંને વાહનોના આગળના ભાગના ભુક્કા બોલાઈ ગયા હતા અને બે લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ૨ વ્યક્તિને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા મોડાસા દવાખાને ખસેડાયા હતા જેમાં ડમ્ફર ચાલકની હાલત ગંભીર જણાતા અમદવાદ સારવાર અર્થે ખસેડાયો હતો.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મોડાસા તાલુકાના લીંભોઈ પાટિયા નજીક સોમવારે વહેલી સવારે લીંભોઈ ગામ તરફથી આવતા ડમ્ફરના ચાલકે વળાંકમાં ડમ્ફર વાળતા મોડાસાથી હિંમતનગર તરફ જતા પીક-અપ ડાલાનો ચાલક બ્રેક મારે તે પહેલા ધડાકાભેર ડમ્ફર સાથે અથડાતા ડમ્ફરના આગળના ભાગનો કડૂચાલો વળી જતા ડમ્ફર ચાલક સહીત અન્ય વ્યક્તિના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ડમ્ફરચાલક સહીત ઈજાગ્રસ્તને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે મોડાસા દવાખાને ખસેડાયો હતો જ્યાં ડમ્ફર ચાલકને ગંભીર ઈજાઓ જણાતા વધુ સારવાર અર્થે અમદવાદ ખસેડાયો હતો. અકસ્માતમાં પીક-અપ ડાલાને આગળના ભાગે નુકસાન થતા ચાલક અને અન્ય વ્યક્તિને ઈજા પહોંચતા અન્ય વાહન મારફતે મોડાસા દવાખાને સારવાર માટે ખસેડાયા હતા.

# ઈડર ખાતે ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજનું ૨૭મુ અધિવેશન યોજાયું

ઈડર, તા. ૨૦

ઈડર ખાતે ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજનું ૨૭મુ અધિવેશન યોજાયું. આ પ્રસંગે બ્રહ્માકુમારી જ્યોતીબહેને ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનોને વિદ્યાર્થીનીઓને સમાજ તરફથી સન્માન પણ કરવામાં આવેલ. સમાજમાં પૂર્વે શ્રેષ્ઠતમ સેવાઓ આપનાર સ્વ. પૂજ્ય મણિબેન દેવશંકર ત્રિવેદી અને સ્વ.બચુભાઈ પાઠકને મરણોત્તર



આશીર્વચન આપેલ. સમાજના પ્રમુખ નર્મદ્દાઈ ત્રિવેદીએ સમાજના સર્વેને સંગઠિત બની આગળ આવવા અપીલ કરેલ સાથે સાથે સમાજના જરૂરતમંદ પરિવારોને આર્થિક મદદ કરવા પણ જણાવ્યું. સમાજના શિક્ષણ તથા અન્ય ક્ષેત્રે નામના મેળવેલ યુવાનો-બાળકો અને સન્માન આપવામાં આવેલ.

આ કાર્યક્રમની ધ્યાનાકર્ષક બાબત એ હતી કે સમાજની ગંગા સ્વરૂપ બહેનોને જ મુખ્ય મંચ ઉપર સ્થાન આપવામાં આવેલ. અખિલ હિન્દ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના આગેવાનોએ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સમાજના સર્વેને આશીર્વચન આપેલ.

# પાલનપુરમાં પ્રેમિકાની આત્મહત્યા કેસમાં પ્રેમી સામે ફરિયાદ

### પ્રેમજાળમાં ફસાવી લગ્નનો વાયદો કર્યા બાદ આપઘાત કરવા મજબૂર કરી હોવાની ફરિયાદ

પાલનપુર, તા. ૨૦

પાલનપુરના સુખબાગ રોડ વિસ્તારમાં રહેતા પ્રેમી પંખીડા પૈકી પ્રેમિકાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જે કેસમાં યુવતીના પિતાએ પ્રેમી યુવક સામે પોતાની દીકરીને પ્રેમ જાળમાં



ફસાવી લગ્નનો વાયદો કર્યા બાદ અન્ય મહિલા સાથે પ્રેમ સંબંધ બાંધી શારીરિક-માનસિક ત્રાસ આપી આપઘાત કરવા મજબૂર કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવતા આપઘાત પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે.

પાલનપુરના સુખબાગ રોડ પર બી.બી.બી. વર્કસ સામેની ગલીમાં આવેલી શ્રદ્ધા બિલ્ડીંગમાં એક પ્રેમી પંખીડા મકાન ભાડે રાખી રહેતા હતા. જોકે, કોઈ અગમ્ય કારણોસર ૨૦ વર્ષીય પ્રેમિકા રવિનાબેન કોદરભાઈ કોદરવી રહે. દલપુરા, તા. દાંતાએ ઘરમાં રહેલા પંખે લટકી જઈ જીવન ટૂંકાવી દીધું હતું. પ્રેમિકા યુવતીના આપઘાત બાદ પ્રેમી યુવક ભાગી છૂટ્યો હતો. આ કેસમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

જોકે, આ ચકચારી કેસમાં પ્રેમિકા યુવતીના પિતા કોદરભાઈ પાબુભાઈ કોદરવીએ પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશને પ્રેમી યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં પ્રેમી યુવક રમેશભાઈ ચંદુભાઈ ડાભી રહે. દંત્રાલ, તા. પોશીના જી. સાબરકાંઠાવાળાએ પોતાની દીકરી રવિનાને પ્રેમ જાળમાં ફસાવી લગ્નનો વાયદો કરી સગાઈ કર્યા બાદ અન્ય મહિલા સાથે પ્રેમ સંબંધ રાખી રવિનાને શારીરિક-માનસિક ત્રાસ આપી આત્મહત્યા કરવા મજબૂર કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ઈ.પી.કો.ક.૩૦૬ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મેઘરજમાં તસ્કરરાજ એક જ રાતમાં તસ્કરોએ ચાર મકાનના તાળા તોડ્યા

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં તસ્કરોએ પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું હોય તેમ શનિવારની મધ્યરાત્રીએ એક જ રાતમાં મેઘરજની અલગ અલગ બે સોસાયટીના ચાર મકાનોના તાળા તોડી તસ્કરો રૂ. ૨૬ હજારના જાગીનાની ચોરી કરી ફરાર થઈ જતાં મેઘરજની પ્રજામાં ભયનો માહોલ ફેલાયો છે.

મેઘરજના ઘેલીમાતા વિસ્તારમાં આવેલા ત્રણ મકાનો અને પંચવટી સોસાયટીના પાછળના ભાગમાં આવેલ એક મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં ઘેલીમાતા વિસ્તારના બે મકાનમાં અને પંચવટી સોસાયટી પાછળના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યા હતા પરંતુ કાંઈ હાથ ન લાગતા ઘરનો સરસામાન વેરવિખેર કર્યો હતો અને અન્ય એક પ્રિયંકાબેન સંદિપભાઈ કટારાના મકાનમાંથી તસ્કરો ચાંદીનો જુડો કિંમત રૂ. ૬ હજાર, સોનાની બે વિંટી કિંમત આશરે રૂ. ૨૦હજાર મળી કુલ રૂ. ૨૬ હજારના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીની જાણ મોડાસા ડીવાયએસપી અને સીપીઆઈને થતાં તેઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ચોરી અંગે પ્રિયંકાબેં સંદિપભાઈ કટારા રહે. ઘેલીમાતા સોસાયટી મેઘરજે મેઘરજ પોલીસમથકે ફરિયાદ નોંધાવતા મેઘરજ પી.એસ.આઈ. કે.વાય.વ્યાસે અજાણ્યા ચોરી ઈસમો સામે ગુન્હો નોંધી ડીવાયએસપી, સીપીઆઈ અને પીએસઆઈએ ડૉગ સ્કવોડની મદદ લઈ ચોરોનું પગેરૂ શોધવાની તજવીજ હાથ ધરી હતી.

# પોલીસને થાપ આપી આરોપી ફરાર

મહેસાણા, તા. ૨૦

મહેસાણાના પિલાજી ગંજ વિસ્તારમાંથી અંદાજીત ૨૫ દિવસ પહેલા થયેલી મોબાઈલ ચોરીમાં ઝડપાયેલો આરોપી આજે સવારે પોલીસને થાપ આપીને ફરાર થઈ ગયો છે. જેને લઈને હાલમાં પોલીસ હરકતમાં આવી છે અને સમગ્ર મહેસાણા જિલ્લામાં ચાંપતો પોલીસ બંદોબસ્ત કરીને આરોપીને પકડવા તજવીજ કરવામાં આવી છે. આ ચોર હાલમાં રિમાન્ડ પર છે.

મહેસાણા જિલ્લામાં ચોરીને અંજામ આપતો આ વ્યક્તિ ૪ દિવસ પહેલા જ મહેસાણા શહેરમા ચોરીના મોબાઈલ વેચવા નીકળેલો હતો અને આ યુવક મહેસાણાની એ ડિવિજન પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે તેની પાસેથી મહેસાણામાં પીલાજી ગજની દુકાનમાં ચોરેલા ૧૮ મોબાઈલ-ટેબલેટ કબજે કર્યા હતા. જેની આ ચોરીમાં રૂ. ૪.૫૯ લાખના મોબાઈલ ચોરાયા હતા. અને



ચોરીમાં બીજો મુદ્દમાલને લઈને તેને હાલમાં પોલીસ રિમાન્ડ પર રાખવામાં આવ્યો હતો. આજે બીજા દિવસે ઈસ્લામભાઈ ઉર્ફે ગટી મેરાબભાઈ ગામ બાલુન્દ્રા, તા. અમીરગઢ, લોકકપમાં જ હતો પરંતુ સફાઈ કરવાની હોવાથી તેને લોકઅપની બહાર કાઢવામાં આવ્યો હતો અને સફાઈ કામદારા સફાઈ કરે તે પહેલા આ આરોપી પી.એસ.ઓ.માં ફરજ બજાવતા અધિકારીને ધક્કો મારીને ફરાર ઈ ગયો હતો. આ આરોપી પાસેથી હાલમાં રૂ. ૨.૫૧,૮૬૧ની કિંમતના ૧૮ મોબાઈલ અને ટેબલેટ કબજે લીધા છે અને બાકીની રકમ અને મોબાઈલ કબજે લેવા તજવીજ કરવાની હતી. હાલમાં પી.એસ.ઓ. નુરઅલીએ ફરાર આરોપીને પકડવા ફરિયાદ પોલીસ મથકે આપીને સમગ્ર જિલ્લામાં આ આરોપીને પકડવા તજવીજ કરાઈ છે અને જિલ્લામાં નાકાબંધી પણ કરવામાં આવી હોવાનુ હાલમાં જાણવા મળી રહ્યું છ.

## આયાતી ઉમેદવાર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પક્ષ માટે પરસેવો પાડ્યો છે. પક્ષને જો અમારી મહેનત ના ગમતી હોય તો અમારે પક્ષમાં રહેવાનો કે તેની વિચારધારા સાથે રહી આગળ વધવાનો અર્થ નથી.

જિલ્લામાં ટિકિટની ફાળવણીમાં કોઈ એક સમાજને લઈ જ જો વિચાર કરવામાં આવતો હોય તો સૌનો સાથ મેળવવો અશક્ય છે. પક્ષમાં કાર્યકર્તાની મહેનત જ સારા પરિણામનો રંગ લાવતી હોય છે.

આ સભ્યોને પક્ષના વડીલોએ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સભ્યોએ કોઈ વાત કાને ધરી ન હતી. બે કલાકથી પણ વધુ આ બેઠક ચાલી હતી. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો જો સમાજના તમામ વર્ગોની લાગણીને ટિકિટ ફાળવવામાં ધ્યાન નહિ અપાય તો રાજીનામા નિશ્ચિત બનતાં આગેવાનોએ પ્રદેશ કક્ષાએ ધ્યાન દોરવાની ખાત્રી આપી હતી.

મળતી વિગતો પ્રમાણે આ સભ્યોએ જરૂર પડ્યે દિલ્હી અને પ્રદેશ નેતાઓના દ્વાર ખટકટાવવાની પણ તૈયારી દર્શાવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયતના ૧૨ જેટલા સભ્યો તેમજ તાલુકા પંચાયતના પણ કેટલાક સભ્યો હાજર રહ્યા હતા.

## હા, સાહેબ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કોણ પારકું છે..?! કોણ સ્વાર્થ માટે લડે છે અને કોણ પરમાર્થ માટે લડે છે..?! એ નિહાળવાનો મોકો છે..!!"

"હા... હા... એ બધી વાત સાચી છે... પણ મને તો એટલી જ ખબર પડે કે જે વ્યક્તિ પોતાના પક્ષના સિદ્ધાંતોને વફાદાર ના હોય એ પ્રજાને કેવી રીતે વફાદાર રહેશે..?! આ પ્રશ્ન હજુ વાગે છે..!! પોતાના પદ-પ્રતિષ્ઠા ને પૈસા માટે પક્ષને લાત મારનારાઓને પ્રજાએ પાઠ ભણાવવો જ જોઈએ... એવું મારૂ માનવું છે..!!"

"એકસોને દસ ટકા, હું તમારી સાથે સહમત છું..! છાશવારે પક્ષ બદલતા પક્ષ પલટુઓને ખુલ્લા પાડી તેમનું સ્થાન બતાવી દેવાનો મોકો ચુકવા જેવો નથી હોં..!!"

- નિમિત્ત માત્ર

## દાન..

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મળેલા તમામ દાનમાં પાનકાર્ડની વિગતો આપવામાં આવી નથી. ભાજપને મળેલા દાનમાંથી રૂ. ૧૦.૧૮ કરોડનું અને કોંગ્રેસને મળેલા દાનમાંથી રૂ. ૮.૪૭ કરોડના દાનમાં પણ પાનકાર્ડની વિગતો પ્રાપ્ત નથી. વળી, રાજકીય પક્ષોને મળેલા દાનમાં રૂ. ૩૫ લાખનું દાન રોકડેથી અપાયું છે. જ્યારે રૂ. ૫.૬૪નું દાન કેવી રીતે પ્રાપ્ત થયુ તેની વિગતો પુરતી દર્શાવાઈ નથી. ચૂંટણી પંચ દ્વારા રાજકીય પક્ષોની કાર્યપદ્ધતિમાં પારદર્શિતા માટે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. કોંગ્રેસ પક્ષ તરફથી દાન અંગેની વિગતો વાંધા સાથે રજૂ કરવામાં આવી છે. આ પ્રકારનું વલણ પારદર્શિતાના સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. રાજકીય પક્ષોને અપાતા દાનની વિગતો તમામ નાગરિકો માટે ખુલ્લી હોવી જોઈએ. આ પ્રકારની જોગવાઈ નેપાળ, ભૂતાન જેવા દેશોમાં પણ જોવા મળે છે.

## વકફ બોર્ડ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મુસ્લિમ બહુમતિવાળા વિસ્તારમાં મસ્જિદ બાંધવાની દરખાસ્ત એપેક્ષ કોર્ટમાં કરી હતી. ઉલ્લેખનીય છે કે તમામ પક્ષકારો, સાધુ-સંતો દ્વારા અનેક પ્રયત્ન કરવામાં આવ્યા હોવા છતાં આ મુદ્દો હજુ વણઉકેલ્યો છે.

## હિંમત નથી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સત્રને ટાળી દેવાની વાત કરી છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, જો કોઈ લોકશાહીના મંદિર ઉપર તાળા લગાવી દેવાનું કામ કરે છે તો આ ખોટી બાબત છે. ચૂંટણી પહેલા આ બંધારણીય જવાબદારીથી ભાગવા જેવું કામ છે. ચૂંટણી પહેલા તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

## ઉમેદવારો જાહેર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમને ટિકિટ મળવાની સંભાવના હતી. આ સીટ ઉપર જયરામભાઈ ધનજીભાઈ ચૂંટણી લડશે. અન્ય પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ તેમની વર્તમાન સીટ રાજકોટ દક્ષિણમાંથી ચૂંટણી લડશે. કોડિનાર એસસીની સીટ પર રામભાઈ ચૂંટણી લડશે. તેમની ધારાસભ્ય જેઠાભાઈ સોલંકીની જગ્યાએ પસંદગ કરવામાં આવી છે.

## રહસ્ય

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઉમેદવારોના નામ ખુલ્યા નથી. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષે પ્રબળ વિચારણાના અંતે હજુ ઉમેદવારોના નામ પણ જાહેર કરી શક્યા નથી. જયારે થોડાસમય અગાઉ કમલમ ખાતે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે તાબડતોબ જિલ્લા ભાજપના આગેવાનોની બેઠક કરી સંભવિત અસંતાષને ખાળવા માટે સજ્જ રહેવા નેતાઓને સુચના આપતા અપેક્ષિત ઉમેદવારોનાસમાવેશ સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો જાહેર થતા આગામી વિધાનસભાની ચુંટણી વધુ રસાકસી ભરી બનતી જાય છે. ત્યારે હજુ પણ કેટલીક બેઠકો પર ઉમેદવારોની યાદી આખરી કરવાની પ્રક્રીયાને અંજામ આપી શકાયો નથી. જ્ઞાતિવાદના રાજકારણના આધારે પ્રબળ દાવેદારી કરતા ઉમેદવારો જીતમાં તબદીલ થઈ શકે તે માટે પક્ષના મોવડીઓ પણ લેશનમાં લાગ્યા છે. ગાંધીનગરની પાંચ બેઠક પૈકી ઉત્તરની બેઠક પર રાજકીય અગ્રાણીઓની મીટ મંડરાયેલી છે. ત્યારે ભાજપ નો રીપીટની થિયરી અપનાવે છે કે નવા ચહેરાને સ્થાન આપે છે. તે ટુંકમાં સ્પષ્ટ થઈ જશે. બીજીતરફ પાંચ બેઠકો પૈકી ભાજપ અને કોંગ્રેસના કુલ ૧૦ ઉમેદવારો પૈકી હજુ સુધી માત્ર માણસા બેઠક પર જ અમિત ચૌધરીના નામને પાર્ટીએ મોહર મારી છે.